સરદાર પટેલ યુનિવર્સિટી
પોસ્ટ બોક્સ નં.૧૦
વલ્લભ વિદ્યાનગર
(ગુજરાત)-૩૮૮૧૨૦

Phone : (02692) 226815
Fax No. : (02692) 236475

મહેકમ વિભાગ

# પરિપત્ર

**વિષય : યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો/ઈન્સ્ટીટયુટ/મંડળ દ્વારા કરવામાં આવતી અધ્યાપકોની નિમણૂંક માટેની અરજીઓની ચકાસણી બાબત.**

આથી યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજો/ઈન્સ્ટીટયુટના આચાર્યશ્રી/ટ્રસ્ટીશ્રીઓને જણાવવાનું કે આપની સંસ્થા/મંડળો દ્વારા સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ કોલેજો/ઈન્સ્ટીટયુટ દ્વારા જરૂરિયાત અનુસારની શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટેની અરજીઓ મંગાવ્યા બાદ પ્રાપ્ત થયેલ અરજીઓ એકેડેમિક સ્કોર/સ્ક્રુટીની ચકાસણી માટે અત્રેના વિભાગ થકી આઇ.કયુ.એ.સી. વિભાગ ખાતે મોકલવામાં આવે છે. જે પ્રક્રિયામાં હવે પછી નીચે પ્રમાણેનો ફેરફાર કરવામાં આવેલ છે. તદ્અનુસાર આગળની કાર્યવાહી કરવા વિનંતી.

(૧) કોલેજો/ઈન્સ્ટીટયુટ દ્વારા જરૂરિયાત અનુસારની શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટેની ન્યુઝ પેપરમાં જાહેરાત આપવાની રહેશે અને જેમાં અરજી સ્વીકારવાની ચોકકસ તારીખ દર્શાવવાની રહેશે.

(૨) કોલેજો/ઈન્સ્ટીટયુટ દ્વારા હવે પછી યુનિવર્સિટીની વેબસાઇટ spuvvn.edu/downloads/related to establishment section ઉપર મુકવામાં આવેલ નિયત ફોર્મેટ મુજબ ઉમેદવારો પાસેથી અરજીઓ બે નકલમાં (કોલેજ કોપી અને યુનિવર્સિટી કોપી) મેળવવાની રહેશે.

(૩) પ્રાપ્ત થયેલ અરજીઓની કોલેજો/ઈન્સ્ટીટયુટની આઇ.કયુ.એ.સી. સમિતી દ્વારા ચકાસણી કરાવવાની રહેશે.

(૪) કોલેજ/ઈન્સ્ટીટયુટ કક્ષાની આઇ.કયુ.એ.સી. સમિતીએ પ્રાપ્ત થયેલ અરજીઓની ચકાસણી કર્યા બાદ જે ઉમેદવારો એલીજીબલ (Eligible) થતા હોય તેઓની જ અરજીની યુનિવર્સિટી કોપી ચકાસણી રીપોર્ટ સાથે યુનિવર્સિટીના આઇ.કયુ.એ.સી. વિભાગ ખાતે આ સાથે સામેલ ચેકલીસ્ટ પ્રમાણેની ફાઇલ જમા કરાવવાની રહેશે.

નંબરઃ બી/૪૨-સી/૯૨૯૨
તારીખઃ ૨૪/૦૫/૨૦૨૩
વલ્લભ વિદ્યાનગર
બિડાણઃ ચેકલીસ્ટ

કુલસચિવ

નકલ રવાનાઃ

**(૧)** સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ઈન્સ્ટીટયુટ તરફ જરૂરી જાણ સારું તેમજ તે મુજબની આગળની કાર્યવાહી કરવા અર્થે.

(૨) વડાશ્રી, આઇ.કયુ.એ.સી., સરદાર પટેલ યુનિવર્સિટી તરફ જાણ સારું તથા તદ્અનુસારની કાર્યવાહી સારું.

## IQAC વિભાગ ખાતે નિમણુંક અંગેના અરજીપત્રકોના એકેડેમિક સ્કોર/**સ્ક્રુટીની ચકાસણી માટે દરખાસ્ત તૈયાર કરવા અંગેનું ચેકલીસ્ટ**

આપની સંસ્થા/કોલેજ/ઇન્સ્ટીટયુટ દ્વારા શૈક્ષણિક કર્મચારીઓની નિમણુંક માટે મંગાવવામાં આવેલ અરજીઓ ચકાસણી માટે યુનિવર્સિટી ખાતે જમા કરાવતી વખતે નીચે મુજબના બિડાણોની ક્રમ અનુસાર ગોઠવણી સાથે માત્ર યુનિવર્સિટી કોપી જ જમા કરવાની રહેશે. જે કોપી પરત મળશે નહીં. જેમાં ચેકલીસ્ટ પ્રમાણેની ફાઇલ જ સ્વીકારવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો તથા જે ઉમેદવારોની કોલેજની આઇ.કયુ.એ.સી. સમિતીમાં એલીજીબલ થયા હોય તેવા જ ઉમેદવારોના અરજીપત્રકો મોકલી આપવાના રહેશે. નોટ એલીજીબલ ઉમેદવારોના અરજીપત્રકો મોકલવાના રહેશે નહીં.

| ક્રમ | વિગત | બિડાણ નંબર |
|---|---|---|
| (૧) | નિમણુંક માટે સંસ્થા દ્વારા વર્તમાનપત્રમાં આપવામાં આપેલ જાહેરાતની નકલ | |
| (૨) | સંસ્થા દ્વારા પ્રાપ્ત થયેલ અરજીઓનું કોલેજ/સંસ્થાની આઇ.કયુ.એ.સી. કમીટી દ્વારા UGC/રાજય સરકારના/સબંધિત કાઉન્સિલના અને યુનિવર્સિટીના ધારા ધોરણ પ્રમાણે ચકાસણી કર્યા અંગેનો સંસ્થાના વડાશ્રી દ્વારા પ્રમાણીત કરેલ રીપોર્ટની નકલ. | |
| (૩) | ઉમેદવારોની પ્રાપ્ત થયેલ અરજીઓનો સમરી રીપોર્ટ સંસ્થાના વડાના સહી સીકકા સાથે **(Annexure-I)** પ્રમાણે | |
| (૪) | યુનિવર્સિટી વેબસાઇટ spuvvn.edu/downlods/related to establishment section ઉપર મુકવામાં આવેલ અરજીના નમુના પ્રમાણે ઉમેદવારો પાસેથી અરજીપત્રકો મંગાવવાના રહેશે તથા અરજીપત્રકમાં દર્શાવવામાં આવેલ દરેક લાયકાતના ધોરણો સામે ઉમેદવારોએ તેની સામે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરવાની સ્વ-પ્રમાણિત નકલ અચૂકથી બીડવાની રહેશે. તમામ બીડાણો નંબર સાથે અરજીપત્રક સાથે બીડવાના રહેશે. જો અરજીપત્રક, અરજીપત્રકમાં દર્શાવવામાં આવેલ બિડાણ નંબર અનુસાર સામેલ કરેલ ના હોય અથવા અરજીપત્રકમાં બિડાણ નંબર દર્શાવેલ ના હોય તો તેવી અરજીઓનો ચકાસણી માટે સ્વીકાર કરવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી. દરેક ઉમેદવારોના અરજીપત્રક સાથેના બિડાણો નીચે મુજબ ક્રમ અનુસાર હોવા જોઇએ. | |
| | **(I)** સ્વપ્રમાણિત સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની નકલ | |
| | **(II)** સ્વપ્રમાણિત જાતી અંગેના પ્રમાણપત્રની નકલ | |
| | **(III)** સ્વપ્રમાણિત એચ.એસ.સી. બોર્ડની માર્કશીટની નકલ | |
| | **(IV)** સ્વપ્રમાણિત ગ્રેજયુએટની તમામ માર્કશીટ તથા ડીગ્રી સર્ટીફીકેટની નકલ | |
| | **(V)** સ્વપ્રમાણિત પોસ્ટ ગ્રેજયુએટની તમામ માર્કશીટ તથા ડીગ્રી સર્ટીફીકેટની નકલ | |
| | **(VI)** સ્વપ્રમાણિત પી.એચડી. /એમ.ફીલ./સ્લેટ/નેટ પાસ કરેલ હોય તો તેની નોટીફીકેશન સાથેની ડીગ્રી સર્ટીફીકેટની નકલ | |
| | **(VII)** જો Ph.D. કરેલ હોય તો Ph. D. Equivalence Certificate ની નકલ | |
| | **(VIII)** જો અનુભવ હોય તો, સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી દ્વારા આપવામાં આવેલ નિમણુંક પત્ર, જે તે યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ માન્યતાનો પત્ર, અનુભવનું પ્રમાણપત્ર અને NOC | |
| | **(IX)** પબ્લીકેશનમાં પુસ્તક/રીસર્ચ પેપરનું મુખ્ય પાન, ઇન્ડેક્ષ પેજ, CARE list/Peer reviewed છે કે કેમ? તેના આધારો બિડવાના રહેશે. | |
| | **(X)** તેમજ અન્ય બિડાણો અરજીમાં દર્શાવ્યા પ્રમાણેના રજૂ કરવાના રહેશે. | |
| | ફકત ઉપરોકત ક્રમ નંઃ ૦૧ થી ૦૪ મુજબ તૈયાર કરેલી અરજીઓની ચકાસણી માટે સ્વીકાર કરવામાં આવશે. જેવા કે ગ્રેજયુએટની માર્કશીટ, પોસ્ટ ગ્રેજયુએટની માર્કશીટ, NET/GSLET, Ph.D. Notification,, Ph.D. Equivevalence Certificate, Experience Certificate વિગેરે બિડાણોને સરળતાથી મળી શકે તે હેતુસર જરૂરી ફલેપ લગાવવાના રહેશે. | |

નોંધઃ ઉમેદવારના નામ અથવા અટકમાં જો કોઇ સુધારા/ફેરફાર કરવામાં આવેલ હોય તો ગેઝેટની નકલ અથવા તો લગ્ન નોંધણીના સર્ટીફીકેટની નકલ અચૂકથી બિડાણથી સામેલ કરવાની રહેશે.

## Name of the Post:-

| Sr. No | Name | Subject | Graduation | Post Graduation | PhD/Mphil Degree | NET | GSLET | Teaching Experience | Remarks Eligible/ Not Eligible |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | 2 | 3 | 4 | 5 | 7 | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |